| | |
|---|---|
| રજુ તારીખ | ૦૧/૧૦/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૦૧/૧૦/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૧૪/૧૨/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : ૦૦ માસ:૦૨ દિન: ૧૩ |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૯૧૩/૨૦૨૪.**

**આંક–૮.**

**ફરીયાદી :– કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ**

: વિરૂધ્ધ :

**આરોપી :– શ્રી નિખીલ શંકરલાલ બારોટ (કબજેદાર)**
પ્રાઈમ કેર ટેકનોલોજી પ્રા. લિ.,
**ઠેકાણું:–** પ્લોટ નં.૨૦, ૨૧, અક્ષર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક,
વાસણા–ચાચરવાડ,ી તા.સાણંદ, અમદાવાદ.

**ગુન્હો :– ગુજરાત કારખાના નિયમ – ૧૯૬૩ મુજબ**

**–: ચૂ કા દો :–**

**(૧)** આ કામના ફરીયાદી કારખાના નિરીક્ષક, અમદાવાદનાઓએ હાલની ફરીયાદ રજુ કરતાં જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આ કામે ફરીયાદી હાજર થતા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટની સમયમર્યાદા બાબતે ની ગાઈડલાઈન્સ ધ્યાને લેતા તેમજ ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦ (૧) (એ) મુજબ ફરીયાદીએ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૪ મુજબ ફરીયાદ માં જણાવેલ ગુન્હાનુ સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરીયાદની હકીકત જોવામાં આવે તો, ફરીયાદી ફેકટરી એકટની કલમ ૮ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ ના નિયમ–૪** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૯૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ હાલના કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપીઓ વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી

તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપીઓ વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓએ હાલની ફરીયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે ***નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ માં એન. રામૈયા વિરુધ્ધ સ્ટેટનો*** ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ ના નિયમ-૪** ના ભંગ બદલ કારખાના ધારાની કલમ ૯૨ મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આપનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર, ગુજરનાર કામદારના વારસોને ચુકવેલ વળતર અંગેના દસ્તાવેજો વિગેરે લેતા તેમજ ખાસ સવિશેષ ***નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન / નં. ૭૦૯*** ઉપરનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં

આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ ના નિયમ-૪** ના ભંગ બદલ કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને નિયમ ભંગ બદલ **રૂા. ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપી પક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
CODE : GJ00966
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ